

સર્વ વિદ્યાલય કેળવણી મંડળસંચાલિત આર સી પટેલ સ્કૂલ ખાતે વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ દ્વારા વિવિધ અંધશ્રદ્ધાઓનાં નિવારણ અંગે વૈજ્ઞાનિક સમજ પ્રયોગો સાથે આપવામાં આવી હતી.

### આત્મન ફાઉન્ડેશન દ્વારા શાહપુર પ્રાથમિક શાળાના

# વિદ્યાર્થીઓને અભ્યાસસામગ્રીની સહાય





શાહપુર પ્રાથમિક શાળામાં આત્મન ફાઉન્ડેશન, ગાંધીનગર તરફથી ધો.૧થી ૮ ના તમામ વિદ્યાર્થીઓને ચોપડા, નોટ, પેન્સિલ અને રબરની ભેટ ધરવામાં આવી હતી. આ સાથે શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

### ભારત વિકાસ પરિષદ દ્વારા

# ફતેપુરા પ્રાથમિક શાળામાં ગુરુવંદન - છાત્ર અભિનંદન





ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર શાખા દ્વારા ફતેપુરા (વારીગૃહ) પ્રા. શાળામાં ગુરુવંદન છાત્ર - અભિનંદનનો કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તેમના શિક્ષકોનું કંકુ તિલક કરીને પૂજન કરવામાં આવ્યું હતું. ભારત વિકાસ પરિષદ દ્વારા દરેક વર્ગમાંથી શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને નવાજવામાં આવ્યા હતા. શાળાના શિક્ષક મુકેશભાઈ પટેલને પણ તેમના શ્રેષ્ઠ કાર્યો માટે પ્રમાણપત્ર આપીને નવાજવામાં આવ્યા હતા. પરિષદની આ સંસ્કાર સિંચનની પ્રવૃત્તિને આચાર્ય જીજ્ઞેશભાઈ મોદી દ્વારા સરાહવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પરિષદના પ્રમુખ, મંત્રી ,મહિલા સંયોજક અને મહિલા સભ્યો ઉપસ્તિત રહ્યા હતા.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં 'સેફ્ટી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને રોડ તેમજ ટ્રાફીકના નિયમોનું પાલન કેવી રીતે કરવું તે સમજાવવામાં આવ્યું હતું. ઉપરાંત મેદાન અને ઘરમાં સેફટી કેવી રીતે રાખવી તે વિષયોને ધ્યાનમાં રાખીને બાળકો પાસે વિવિધ ચાર્ટ પણ તૈયાર કરાવવામાં આવ્યા હતા.







ગાંધીનગર, તા. ૨૪

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા દ્વારા ભોળાભાઈ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ ખાતે થેલેસેમિયા ટેસ્ટ અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની થેલેસેમિયા નાબૂદી ઝૂંબેશ અંતર્ગત યોજાયેલા આ આ કાર્યક્રમમાં ૩૩૪ વિદ્યાર્થીઓને થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ડૉ. નિલેષ ભારતીય, મનીષ ગુપ્તા, ભરત શ્રીમાળી, રતન પરમાર દ્વારા આ માટે પોતાની સેવાઓ આપવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા રેડક્રોસના અગ્રણી સુકેતુ મહેતાએ આ કાર્યક્રમના આયોજનની સંપૂર્ણ જવાબદારી વહન કરી હતી અને વિદ્યાર્થીઓને થેલેસેમિયા વિશે વિગતે માહિતી પૂરી પાડી હતી. ડૉ. રણછોડ રથવીએ આ માટે પોતાનો સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.

## હુલ્લડનો અનુભવ

પૂછ્યું તો કહે, 'મને ખબર નથી. મને બીજા હુકમ મળવા જોઈએ. હમણાં તો તમને હું મુંબઈ લઈ જાઉં છું.'

સુરત આવ્યા એટલે કોઈ બીજા અમલદારે મારો કબજો લીધો. રસ્તામાં મને કહ્યું: 'તમે છૂટા છો, પણ તમારે સારુ મરીન લાઈન્સ સ્ટેશન પાસે ગાડી થોભાવીશ ને તમે ત્યાં ઊતરો તો વધારે સારું. કોલાબા ઉપર વધારે ભીડ થવાનો સંભવ છે.' મેં તેને અનુકૂળ થવા ખુશી બતાવી. તે રાજી થયો ને ઉપકાર માન્યો.

150

## ગાંધીયાત્રા

મરીન લાઈન્સ ઊતર્યો. ત્યાં કોઈ ઓળખીતાની ઘોડાગાડી જોઈ. તે મને એવાશંકર ઝવેરીને ઘેર મૂકી ગયા. તેમણે મને ખબર આપ્યા : 'તમારા પકડાવાના ખબર મળવાથી લોકો ગુસ્સામાં આવી ગયા છે ને ગાંડા જેવા બની ગયા છે. પાયધૂની પાસે હુલ્લડનો ભય છે. મેજિસ્ટ્રેટ અને પોલીસ ત્યાં પહોંચી ગયા છે.'

હું ઘેર પહોંચ્યો તેવામાં ઉંમર સોબાની અને અનસૂયાબહેન મોટરમાં આવ્યાં ને મને પાયધૂની લઈ જવા કહ્યું : 'લોકો અધીરા થઈ ગયા છે ને ઉશ્કેરાયા છે. અમારા કોઈથી શાંત રહે તેમ નથી. તમને જોશે તો જ શાંત થશે.'

હું મોટરમાં બેસી ગયો. પાયધૂની પહોંચતાં જ રસ્તામાં મોટી મેદની જોવામાં આવી. લોકો મને જોઈને હર્ષઘેલા થયા. હવે સરઘસ બન્યું. 'વન્દેમાતરમ' 'અલ્લાહો અકબર'ના અવાજથી આકાશ ચિરાયું. પાયાધૂની ઉપર ઘોડેસવારોને જોયા. ઉપરથી ઈંટોના વરસાદ વરસતા હતા. હું લોકોને શાંત થવા હાથ જોડીને વીનવતો હતો. પણ અમે પણ આ ઈંટના વરસાદમાંથી બચીએ એમ ન લાગ્યું. અબ્દુર રહેમાન ગલીમાંથી ક્રોફર્ડ મારકેટ તરફ જતા સરઘસને અટકાવવા સારુ ઘોડેસવારોની ટુકડી સામેથી આવી પહોંચી. સરઘસને કોટ તરફ જતું અટકાવવા તેઓ મથતા હતા. લોકો માતા નહોતા. લોકોએ પોલીસની લાઈનને ચીરીને આગળ ઘસારો કર્યો. (ક્રમશ:)

# શુક્રવારે અમદાવાદમાં સાહિત્યિક વ્યાખ્યાન



ગાંધીનગર, તા. ૨૪

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૬મી જુલાઈ ને શુક્રવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે મિલ ઑનર્સ બિલ્ડીંગઑડિટોરિયમ (આત્મા હૉલ), સિટી ગોલ્ડ સિનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ મનુભાઈ ત્રિભુવનદાસ ત્રિવેદી 'સરોદ', 'ગાફિલ'ના ૧૦૬મા જન્મદિન પ્રસંગે 'સુરતાનો સાદ' શિર્ષક હેઠળ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે.

ભૂમિકા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડયા રજૂ કરશે. મનુભાઈના જીવન વિશે ભરત ઓઝા અને 'સરોદ'નાં ગીતો-ભજનો વિશે દલપત પઢિયાર તેમજ 'ગાફિલ'ની ગઝલો વિશે રાજેશ વ્યાસ 'મિસ્કીન' વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' કરશે. સૌ સાહિત્યરસિકોને આ કાર્યક્રમ માણવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમને માણવા કોઈ પણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

### અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના

# ઍનઍસઍસ યુનિટ દ્વારા આવકાર કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૪

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા ૨૦૧૯-૨૦ના વર્ષમાં ઍનઍસઍસમાં જોડાયેલા સ્વયંસેવકોને આવકારવા માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

એનએસએસના સિનિયર સ્વયંસેવકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના માધ્યમથી એનએસએસની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી નવા સ્વયંસેવકોને આપવામાં આવી હતી. એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીએ વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું અને વર્ષભર કરવાની થતી કાર્યપ્રવૃત્તિઓની વિગતે માહિતી આપી હતી. કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

કાર્યક્રમને સફળતા બક્ષવા માટે રીના ડાયાણી, યુક્તા પટેલ, પ્રેક્ષા માવાણી, અવની ભૂવા, આશિષ પટેલ, સાહિલ તેજાણી, જાહ્નવી ચભાડીયા, કરણ ડોડીયા, ઉમંગ ખેની, મનન સંઘાણી, લકુમ ઉદિત, છાયા ચાવડા, બંસી હરપાણી, મિતુલ વઢેરનો સહયોગ પ્રાપ્ત થયો હતો.





કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બીબીએ કૉલેજના તૃતીય વર્ષના ૬૧ વિદ્યાર્થીઓએ તાજેતરમાં એશિયન ગ્રેનીટો ઈન્ડિયા પ્રા.લી.ની ઔદ્યોગિક મુલાકાત લીધી હતી.

કંપનીની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ત્રણ જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા. પ્લાન્ટ મુલાકાત બાદ વિદ્યાર્થીઓને કોન્ફરન્સ હૉલમાં એકઠા કરી સમગ્ર પ્લાન્ટ બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે-સાથે કંપની બાબતે તૈયાર કરવામાં આવેલી ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશનના માધ્યમથી કંપનીના અધિકારી દ્વારા ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

આ વિઝિટને સફળ બનાવવા માટે આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન-ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ ડો. અમિતા પ્રજાપતિ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ડાયરેક્ટ

પીડાની પોટલીમાં
માનવીએ મનને
જકડી લીધું
પ્રસન્નતા છોડી
ગમનું પતંગિયું
પકડી લીધું
- ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્યવંભૂ'

## જન્મદિને વધામણી



અશ્વિન જડિયા



ચીમનલાલ એમ પટેલ
મો. ૯૮૨૫૦ ૨૫૦૩૮



ઉમંગ રમેશભાઈ પરમાર



અમિત પરમાર



હેતલ પ્રજાપતિ



ચાર્વી નિમેષકુમાર પટેલ



મિવાન ભાવેશકુમાર આગજા



મિતેષ માલજીભાઈ રબારી



તૃષિલ જિજ્ઞેશકુમાર ગજ્જર

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક